# ઝકાત આપવામાં
## તરગીબાત અને હોંશની ઝિક્ર

અલ્લાહ સુબ્હાનોહુ ફરમાવે છે,

***"કદ અફ્લહા મન તઝક્કા વ ઝકરસ્મા રબ્બેહી ફસલ્લા"*** (સુ. ૮૭ આ. ૧૪) માઅના : બેશક કામ્યાબ થયો તે શખ્સ કે જેએ ઝકાત આપી (પાક થયો) અને પોતાના પરવરદિગારના નામને લેતો રહ્યો અને નમાઝ પઢતો રહ્યો. અને અલ્લાહતઆલા ફરમાવે છે,

***"કદ અફ્લહલ મુમેનુનલ્લઝીન હુમ ફી સલાતેહિમ ખાશેઉન. વલ્લઝીનહુમ અનિલ લગ્વે મોઅરેઝૂન. વલ્લઝીનહુમ લિઝ્ઝકાતે ફાએલૂન....... ઉલાએકા હોમુલ વારેસૂનલ્લઝીન યરેસૂનલ ફિરદૌસ હુમ ફીહા ખાલેદૂન."*** (સુ. ૨૩ આ. ૧-૧૧)

માઅના : તહકીકન જીતી ગયા તે ઈમાનદારો કે જે પોતાની નમાઝોમાં ઝુકનારા છે, અને તે લોગો કે જે ભૂંડી (અલગત) ચીઝથી મોં ફેરવનારાઓ છે, અને તે લોગો કે જે ઝકાત પર અમલ કરનારાઓ છે, ....... તે સઘલા તે જ વારિસો છે, કે જે ફિરદૌસ (જન્નત) ના વારિસ થાશે. (આ મુમેનીન) તે ફિરદૌસમાં હમેશા રહેનારાઓ છે.

ઈમામ જાઅફરૂસ્સાદિકથી આપના આબાએ બુઝુર્ગવારથી તેમજ અલી (અ.સ.) થી રિવાયત છે કે, રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, જે વક્ત અલ્લાહતઆલા કોઈ બંદા સાથે ખૈર-બેહતરીનો ઈરાદો કરે છે તો જન્નતનાં ખજાનચીઓમાંથી એક ફરિશ્તાને એની તરફ મોકલી આપે છે, તે ફરિશ્તા એના સીના પર મસહ કરે છે (હાથ ફિરાવે છે) તો એનો દિલોજાન ઝકાત આપવાથી સખી થાય છે. અમીરૂલ મુમેનીન હઝરત અલી (અ.સ.) થી રિવાયત છે કે, "***ઇબાદત કરનારની ત્રણ નિશાનીઓ છે; નમાઝ, રોઝા અને ઝકાત.*** આપે વસીયતમાં ફરમાવું કે, મારા ફરઝન્દો અને ઘરવાલાઓ અને તમામ મુમેનીનને અલ્લાહના તકવા (પરહેઝગારી) ની વસીયત કરું છું જે અલ્લાહ સઘલાનાં પરવરદિગાર છે અને તમે લોગો ઝકાતનાં બારામાં અલ્લાહથી ડરતા રહેજો. આ ઝકાત તો તમારા રબના ગુસ્સાની આગને બુઝાવી દે છે." અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી હમે રિવાયત કીધી છે, આપે ફરમાવું કે, તમારામાંથી કોઈ પણ શખ્સ જે ઝકાત આપે છે, તે શખ્સને અલ્લાહે જે આપું છે એમાંથી એક જ હિસ્સો આપે છે, તો પછી એને પોતાની ખુશીથી હીસ્સો આપવો જોઈએ અને જે શખ્સ પોતાના માલની ઝકાત અદા કરે છે તો તે માલની બદીથી દૂર થઈ જાય છે. અને આપે ફરમાવું કે, "કોઈ પણ માલ પછી તે ઝમીનમાં હોય યા દરિયામાં હોય, તે હલાક થતો જ નથી મગર તેની ઝકાત રોકવાથી, તેથી તમારા માલને ઝકાત આપીને બચાવો અને તમારી બીમારીનો સદકો કરીને દવા કરો અને બલા મુસીબતને દુઆ કરીને દુર કરો."

**"કોઇ પણ માલ પછી તે ઝમીનમાં હોય યા દરિયામાં હોય, તે હલાક થતો જ નથી મગર તેની ઝકાત રોકવાથી, તેથી તમારા માલને ઝકાત આપીને બચાવો અને તમારા બીમારીની સદકો કરીને દવા કરો અને બલા મુસીબતને દુઆ કરીને દુર કરો."**

ઈમામ મોહંમદ બાકીર (અ.સ.) એ ફરમાવું કે, ઝકાત આપવાથી માલમાં કોઈ નુકસાન થાતું નથી અને જે માલની ઝકાત અદા થઈ હોય, પછી તે માલ ઝમીનમાં હોય યા દરીયામાં કદી હલાક થાતો નથી અને મૌલાના અલી (અ.સ.) થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, "જે કોઈ બંદો અલ્લાહને નઝદીક જેટલો ઈઝ્ઝતવાલો અને કરામતવાલો થાય છે, તો એના ઉપર આફતો બલા ઝિયાદહ આવે જ છે અને કોઈ પણ બંદો પોતાના માલની ઝકાત આપે છે તો એમાં નુકસાન થતું જ નથી અને અગર ઝકાતને રોકી રાખે છે તો એમાં વધારો થતો જ નથી અને કોઈ પણ ચોર ચોરી કરે તો એ ચોરીનો માલ એની રોઝીમાં જ શુમાર થાય છે." અને ઈમામ હુસૈન (અ.સ.) થી પણ રીવાયત છે કે, ઝકાત આપવાથી કોઈ વક્ત પણ માલ કમ થતો નથી.

ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, આપે આપના બાવાજી ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ને ગુસુલ દીધો તો લોગો એ આપના સજદા દેવાની જગાઓ બે ઘુંટણ અને બેવે કદમના ઝાહેરી હીસ્સાને જોયા કે, એ અંગવાઓ ઊંટના ઘુંટણની મિસ્લ હતા, અને આપના ખભાને જોયા તે પણ એ મુજબ જ હતા, તેથી લોગોએ અરઝ કીધી કે, અય ફરઝંદે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ તો હમે જાણીએ છે કે, આ ઘુંટણ અને કદમના ગટ્ઠાઓ નમાઝની ઝિયાદતી અને સુજૂદના લંબાન ના સબબથી છે, પણ આપ મૌલાના ખભા પર જે ચાંઠાઓ હમે જોઈએ છે તેનો શું સબબ છે? આપે (અ.સ.) ફરમાવું કે, સાંભલો ! અગર બાવાજીસાહબ ઝીંદા હોતા તો મેં આના મોતઅલ્લીક તમને કંઈ જ ન કહેતો. આપની આદત હતી કે, આપ હરરોઝ એક મિસ્કીન યા વધારે નું જમન તેને પેટ ભરીને ઈમ્કાન મુજબ જમાડતા પછી રાત આવતી તો તે દિન માં આપના એહલો અયાલના જમનમાંથી જે કંઈ વધારો થતો તો એ વધેલા જમનને એક મશકીમાં ભરતા, જે વક્ત લોગોમાં ખામોશી છવાય જાતી તો આપ તે મશકીને પોતાના ખભા પર મુકીને મદીનામાં છુપી રીતે એવી કૌમ પાસે જાતા કે, જેઓ શર્મથી ફકીરી અને લોગોને સવાલ નહોતા કરતા પછી એ જમનને એ લોગોને દરમ્યાન એવી તરહથી તકસીમ કરતા કે એમને માઅલુમ ન પડે કે આપનાર કોણ છે અને આપના ઘરવાલાઓમાંથી પણ મારા સિવાય આ વાત કોઈ બીજાને ખબર નથી પણ મેં આ વાત પર એ તરહથી આગાહ થઈ ગયો કે, ખુદ આપ મૌલાને પણ ખબર નહોતી. બાવાજી સાહબનો આ મિસ્લ અમલ કરવામાં મતલબ એ હતો કે, ખુદ પોતાના હાથથી સદકો આપવામાં અને મખ્ફીમાં સદકો કરવામાં જે ફઝલ છે તે હાસિલ થાય, કેમ કે ***આપ અકસર ફરમાવતા કે મખ્ફીમાં સદકો કરવો રબ્બુલ આલમીનના ગુસ્સાને બુઝાવી દે છે.***

હઝરત અલી (અ.સ.) થી રિવાયત છે કે, *"મેં રસૂલુલ્લાહને ફરમાવતા સાંભલા છે કે, મુમીનનો સદકો તેના હાથમાંથી નીકલતો નથી કે શૈતાનના ૭૦ જડબાઓ ટુટે છે અને મખ્ફીમાં આપેલો સદકો અલ્લાહના ગુસ્સાને બુઝાવી દે છે, જે તરહ પાની આગને બુઝાવી દે છે."* જે વક્ત તમારામાંથી કોઈ શખ્સ સદકો કોઈ ચીઝનો પણ કરે છે તો એના પર લાઝિમ છે કે, એના જમણા હાથથી આપે, તો એ સદકાને એના ડાબા હાથથી પણ છુપાવે યાઅની કે કોઈને ખબર ન પડે. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, સદકો, નમાઝ, રોઝુ, હજ્જ અને તમામ ભલાઈના કામો કે જે તતવ્વાના હોય, તો અફઝલ એ છે કે એને મખ્ફીમાં અદા કરે અને જે અમલો વાજિબ છે, ફરઝ છે, તો અફઝલ એ છે કે એને ઝાહિરમાં અદા કરે.

હઝરત અલી (અ.સ.) થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, સદકો કરવાથી બીમારી, પેટનો રોગ, ડૂબી જવું, આગમાં બલી જવું, દીવાર પડવાથી દબાઈ જાવું, આંગલા ખરવા અને પાગલપન યહાં તક કે આપે ૭૦ બીમારી ગણાવી, આ તમામ બલાઓ દફઅ થાય છે. ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, બની ઈસ્રાઈલમાં એક શખ્સ હતો. તેને ફક્ત એક જ દિકરો હતો. અને તે શખ્સની તે દિકરા પર ઘણી શફકત અને મોહબ્બત હતી. તેનો દિકરો સીન્ને બુલૂગ પર પહોંચો યહાં તક કે એની શાદી થઈ. શાદીની રાતે તે શખ્સને ખ્વાબ આવો કે, અગર એ દિકરો તેની ઝૌજાને કરીબ થાશે તો વફાત થાશે. આ ખ્વાબથી તે શખ્સ ઘણો ગમગીન થયો. આ સબબ, તે શખ્સ પોતાના દિકરાની ઝેફાફની રાત ટાલતો રહ્યો. આખિરકાર ના છુટકે તે શખ્સે પોતાના દિકરાની ઝેફાફની રાત કરાવી આપી. પૂરી રાત તે શખ્સ ઈબાદત કરતો રહ્યો અને ફિક્રમંદ રહ્યો કે, એના દિકરાનો શું હાલ થાશે ? ફજેરે તે શખ્સ પોતાના દિકરાની ખબર પૂછવા આવો, તો જોયું કે તેનો દિકરો સહી સલામત છે અને ખુશહાલ છે. તે જ રાતે તેને દોબારહ ખ્વાબ આવો કે, તેના દિકરાનો બચી જાવાનો સબબ શું છે ? ***ઝેફાફની રાતે જે વક્ત તેનો દિકરો તેની ઝૌજા થી કરીબ થયો તો રાતની ખામોશીમાં દરવાઝા પર ફકીરને દસ્તક દીધી અને તે દિકરાએ ઘરમાં બચેલું જમન તે ફકીરને જમાડું*** અને તેમાંથી વધેલું જમન તેના ઘર વાલાઓ ને વાસ્તે આપી દીધું. તે સબબ એ ફકીરે તેના દિકરાની ઉમ્ર દરાઝીની દુઆ કીધી અને તેથી અલ્લાહતઆલાના હુકમથી તે દિકરાની મૌત ટલી ગઈ. એ શખ્સ ફજેરે એના દિકરા પાસે જઈને પૂછવા લાગો કે, અય મારા ફરઝન્દે અરજુમન્દ ! ભલા ઝેફાફની રાતે તુએ કોઈ સાઈલ સાથે નેક સુલૂક કીધો છે ? દિકરાએ કહ્યું કે, આ સવાલથી તમારો શું મકસદ છે ? બાવાજીએ કહ્યું કે, જે કંઈ બિના બની તે તમામ મને કહી દો. દિકરાએ કહ્યું કે, સાંભલો! જે વક્ત હમે લોગોને જમન જમાડવાથી ફારિગ થયા, તો જમન બચ્યું હતું, અને હું મારા બૈરો પાસે ગયો અને ખલવત કીધી કે, એક સાઈલ દરવાઝા પર આવો અને બોલો કે, અય ઘરવાલાઓ ! અલ્લાહે જે રોઝી તમને બખ્શેલી છે એમાંથી હમારી હાજતરવાઈ કરો, મદદ કરો. ફરઝન્દ કહે કે, આ વાત સાંભલી મેં ઉઠીને એ સાઈલ ને નઝદીક ગયો અને તેનો હાથ પકડીને જમન પાસે લઈ ગયો અને કહ્યું કે, જે કદર જમવું હોય જમો! સાઈલ જમીને ફારીગ થયો તો મેં પુછું કે તમારા અહલો અયાલ છે? એ બોલો કે છે. મેં કહ્યું કે, તમે ચાહો એટલી મિકદારમાં જમન ઉઠાવીને લઈ જાઓ. તો એ સાઈલે જેટલું એનાથી બનું એટલું જમન લઈ લીધું અને મેં મારી દુલ્હન તરફ વલો ફરઝન્દની આ વાત સાંભલી તેના બાવાજીએ અલ્લાહનો હમ્દ કીધો અને ખ્વાબની ખબર એને અવ્વલથી તમામ કહી દીધી.

સય્યેદુર્રાકેઈન વસ સાજેદીન ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) થી રિવાયત છે કે, "આપે મક્કતુલ મુકર્રમાનાં કબૂતરોને જોયા, અને લોગોથી મુખાતિબ થઈને ફરમાવું કે, શું તમેં જાણો છો કે આ કબૂતરો હરમ માં આવીને કેમ વસા છે? લોગોએ અરઝ કીધી કે, આ નો શું સબબ છે અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરઝન્દ ! તો આપે ફરમાવું કે, પહેલાના ઝમાનામાં એક મરદ હતો કે એના ઘરમાં એક ખજૂરી હતી. એ ખજૂરીનાં પાટમાં-થડમાં પોલાનમાં એક કબૂતરે તેનો માલો બનાવી રાખો હતો. એ કબૂતરને બચ્ચાં થાય કે, તે મરદ ખજૂરી ઉપર ચઢીને બચ્ચાંને લઈને ઝબહ કરીદે. અરસએ દરાઝ તક ખજૂરીનો માલિક આમ કરતો રહ્યો, તેથી એ કબૂતરની નસલ જ બાકી રહે નહીં. તો એ કબૂતરે અલ્લાહ ની તરફ એ મરદ ની આ હરકતની શિકાયત કીધી તો કબૂતરને કહેવામાં આવું, કે હવે આ મરદ તારી તરફ ચઢીને તારા કોઈ બચ્ચાંને ઝબહ કરવા લેશે તો ખજૂરી પરથી નીચે પછડાશે અને મરી જાશે. હવે કબૂતરનાં બચ્ચાં મોટા થયા તો મરદ ખજૂરીના થડ પર ચઢવા લાગો અને કબૂતર જોતું રહ્યું કે, હવે આ મરદની શું હાલત થાય છે, ***જે વક્ત તે મરદ ખજૂરીના અડધા તક ચઢો કે તેનાં ઘરનાં દરવાઝા પર સાઇલ આવી ઉભો રહ્યો.*** તો એ મરદ નીચે ઉતરી ગયો અને તે સાઈલને કંઈ આપીને તે ખજૂરી પર ચઢો, બચ્ચાંઓને પકડા અને ઝબ્હ કરી દીધા.

કબૂતરે દોબારહ શિકાયત કીધી કે આ શું ? અય મારા પરવરદિગાર ! તો કહેવામાં આવું કે, આ મરદે સદકો કરીને પોતાના જાનને બચાવી લીધો. સદકાનાં સબબ મૌતની મિસ્લ એની બલા દૂર થઇ અને બચી ગયો. હવે અય કબૂતર ! રહ્યો તારો સવાલ, તો અલ્લાહ તારી નસ્લમાં બરકત આપશે અને તુને અને તારી નસ્લને એક એવા શહેરમાં આબાદ કરશે કે કયામતના દિન તક તે જગા તારી નસ્લને કોઇ તકલીફ પહોંચાડવામાં નહીં આવે. તે બાદ તે કબૂતરને હરમ શરીફમાં લાવીને વસાવવામાં આવું".

અમીરૂલમુમેનીન હઝરત અલી (અ.સ.) થી રિવાયતમાં મન્કૂલ છે કે, સાઇલ (મિસ્કીન) રબ્બુલ આલમીનનો રસૂલ (કાસિદ) છે. જે શખ્સ સાઇલને આપશે તો ખુદાતઆલાને આપા બરાબર છે અને સાઇલને રદ કરશે તો ખુદાતઆલાને રદ કીધા બરાબર છે. ઇમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) આપના બાવાજીઓ તરફથી રિવાયત કરે છે કે, હઝરત અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ ફરમાવું કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મના ફરમાવું છે કે, "કોઇ શખ્સ પોતાના માલની ઝકાતને પોતાના ઇમામથી છુપાવે નહીં, અને ફરમાવું કે ઝકાતને ઇમામથી છુપાવવું નિફાક છે, કીનો છે."

**" કોઇ શખ્સ પોતાના માલની ઝકાતને પોતાના ઇમામથી છુપાવે નહીં, અને ફરમાવું કે ઝકાતને ઇમામથી છુપાવવું નિફાક છે, કીનો છે. "**

વલીદ બિન સબીહથી રિવાયત છે કે, મને શિહાબ નામી શખ્સે કહ્યું કે, મેં એક રાતે સપનામાં એક હૌલનાક-ડરાવનારી ચીઝો જોઉં છું અને એક બૈરો મને ખ્વાબમાં આવી ડરાવે છે. તો અય વલીદ ! અબુ અબ્દિલ્લાહ ઇમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને તું આ સવાલનો જવાબ પૂછજે. વલીદે આવીને ઇમામ આલી મકામને સવાલ કીધો, તો આપે જવાબમાં ફરમાવું કે, આ ખ્વાબ જોનાર એવા મરદ છે કે, જે મરદ એના માલની ઝકાત બરાબર અદા નથી કરતો. મેં શિહાબને આ વાત કહી તો, તેએ જવાબ દીધો કે કેમ નહીં ! અલ્લાહની કસમ, મેં તો બરાબર ઝકાત અદા કરૂં છું. વલીદ કહે છે કે, મેં આ કૌલને ઇમામ (અ.સ.) ને પહોંચાવો તો આપ કહેવા લાગા કે અગર એ મરદ ઝકાત નિકાલતો હશે તો એ ઝકાતને એની હકીકી જગામાં આપવા-મૂકવામાં કમી કરતો હશે (યાઅની કે જેને આપવી જોઇએ એને નહીં આપતો હોય). તો વલીદ કહે છે કે, મેં આ વાત શિહાબને પહોંચાવી તો એ ને કુબુલાત કીધી. ઇમામ સાદિક (અ.સ.) એ જે કૌલ ફરમાવો તે સરીહન સાચો છે, (સાચે જ મેં તેને લાઇક શખ્સને યાઅની કે ઇમામને ઝકાત અદા નથી કીધી).

તમામ મુસલમાનોનો આ વાત પર ઇત્તેફાક છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપના ઝમાનમાં આપ ખુદ મુસલમાનોથી જે એના માલ પર ઝકાત વાજિબ થઇ હોય , તે વુસૂલ કરતા, અને તમામ વુજૂહ-મકસદોમાં ખર્ચ કરતા જેમાં ખર્ચ કરવાનો અલ્લાહતઆલાએ આપને અમર કીધો છે. આ વાત કુરઆન બોલે છે અને નબીને ફરમાન કરે છે કે, ***"ખુઝ મિન અમ્વાલેહિમ સદકતન તોતહહિરૂહિમ વ તોઝક્કીહિમ બેહા, ઇન્ના સલાતકા સકનુન લહુમ. "*** એ સઘલા મુસલમાનો નાં માલમાંથી તમે ઝકાત વુસૂલ કરો જેથી એનાથી એ લોગોને પાક-સાફ કરો અને તમારી દોઆ (તેઓની ઝકાત લીધા બાદ) તેઓ વાસ્તે સુકૂનો ઇત્મેનાન બખ્શશે. આમાં રસૂલુલ્લાહને ફરમાન થયું, તો આપ જે શહેર માં હોય ત્યાં બઝાતે ખુદ ઝકાતની વુસૂલી લે અને દીગર શહેરો-દેહાતમાં આપના નુમાઇન્દાને મોકલે. ઝકાત ઉઘરાવનારનો પણ ઝકાતમાં હક્ક છે. તેથી સાબિત થયું કે, જ્યારે ઝકાત ઉઘરાવનારનો હક્ક અલ્લાહે મુકર્રર કીધો છે, તો ઝકાત જમા લેનાર યાઅની કે વુસૂલ કરનારનો ઇખ્તેયાર ઝકાતને તમામ મકસદોમાં ખર્ચ કરવાનો છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વફાત બાદ ઝકાતના ફરીઝાને લોગોમાંથી ઉંચકી લેવામાં આવો નથી, અને આ વાત પર પણ તમામનો ઇત્તેફાક છે કે, આપ (સ.અ.વ.વ.) ના ઇન્તેકાલ બાદ હક્કનાં ઇમામ ને જ ઝકાત અદા કરવી જોઇએ, અને એ જ મિસ્લ આમ મુસલમાનોએ આ ઇલાહી ફરમાન પર પાબન્દી સાથે અમલ પણ કીધો, પણ હઝરત અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) બાદ આમ લોગોનાં હક્કનાં ઇમામ અને ખલીફા રહ્યા નહીં અને લોગોએ જોયું, દીને ઇસ્લામનો ઇલાહી નિઝામ દુન્યવી સલ્તનતમાં તબ્દીલ થઇ ગયો છે અને એના ઝાલિમ ઇમામો-બાદશાહો ઝકાતને પચાવી પાડે છે, હઝમ કરે છે અને ઇમામોની હૈસીયતથી ઝકાત માંગે છે, પણ તેઓના અમલે બદનાં સબબ લોગોએ તે ગાસિબ હાકિમોને ઝકાત આપવુ બંધ કરી દીધું. તે ઝમાનનાં લોગોને આ તરહના રવૈયામાં જે મકસદ અને ઇખ્તેલાફ હતો તે મખ્ફી નથી ઝાહિર છે, કેમ કે કોઇ એવા હુકમરાન રહ્યા જ નહીં કે તેઓ એને ઇમામનો દરજો આપી ઝકાતને અદા કરે, અને અગર લોગો એ ઝાલિમો-ગાસિબોને જ પોતાના ઝમાનમાં ઇમામ માની લીધા હોય તો પછી તેઓને ઝકાત અદા કરવાથી ન રોકવું જોઇએ.

અલ્લાહતઆલાએ ઝકાત આપવું ફરઝ કીધું છે તેમ ઝમાનાનાં ઇમામ પર ઝકાત કયા વુજૂહાત અને મકસદોમાં ખર્ચ કરવી એ પણ ફરઝ કીધું છે. જે લોગો પર ફરઝ છે, તે લોગોએ કરવું જોઇએ, અને જે ઇમામ પર ફરઝ છે, તે ઇમામે ઝમાના હર હાલતમાં હુકમ મુજબ તકસીમ કરવાનાં અમરને બજાવી જ લાવે છે. અલ્લાહતઆલા ઇમામનાં સાઇલ છે અને ઇમામે ઝમાના લોકોનાં. અગર લોગો કોઇને ઝમાનાના હક્કનાં ઇમામ માનતા જ હોય તો તેઓને એ હક્ક યા ઇખ્તેયાર પહોંચતો જ નથી કે ઇમામ કયા વુજુહાતમાં કયા તરીકાથી ઝકાતને સર્ફ કરે છે, તેનો સવાલ કરે. અને અગર ઝમાનાનાં ઇમામે બરહક્ક કોઇને માની લીધા હોય તો અલ્લાહના ફરમાન મુજબ તેને જ ઝકાત આપવી જોઇએ અને અગર એમ ન કરે તો તેઓ મુશ્રિક થઇ જાય છે. જેમ ઇરશાદે હક્કતઆલા છે, ***"વ વયલુલ લિલ મુશ્રેકીનલ્લઝીના લા યુતુનઝ ઝકાત"*** યાઅની હલાકી છે, તે મુશ્રિકોને કે જેઓ ઝકાત નથી આપતા. આ આયતના સાફ માઅનામાં એમ ઝાહિર થાય છે કે, જેઓ ઝકાત નથી આપતા તેઓ મુશ્રિક છે. તેથી જેમ અલ્લાહતઆલાએ ફરઝ કીધું તે તરીકાથી ગિન્તી કરીને જ ઝકાત આપવી જોઇએ. લોગો પર એ ઝિમ્મેદારી નથી જે ઇમામો પર છે, કે ઝકાત એના મુસ્તહિક્કને આપવી જોઇએ કેમ કે ઇમામોને અને ઇમામોની ગૈર હાઝરીમાં આપના નાઇબ દાઇઝઝમાનને ઝકાત અદા કરી દેવા બાદ લોગોની ઝિમ્મેદારી પૂરી થઇ જાય છે. હવે મુમેનીન પર વાજિબ છે કે પોતાના માલની ઝકાતને સાહબે દાઅવત અને સાહબે હક્કને અદા કરે જેથી દાઅવતે હક્કનાં કારોબારને ચલાવવામાં અને ઇલ્મ, સૈફ અને ઝબાનથી જેહાદ કરવામાં અને લોગોમાં મેલ-મિલાપ અને દિલોનાં બંધનોને વધારવામાં તેમજ દુશ્મનો પર ગલબો કરવામાં અને મુનાફેકીનને સાચવવામાં એ માલે ઝકાતનો ઇસ્તેઅમાલ કરે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી રિવાયતમાં મન્કૂલ છે કે, આપે ફરમાવું કે, "જન્નતમાં પહેલે દાખિલ થાનાર શખ્સ શહીદ છે, યા તે બંદો ગુલામ છે કે, જે પોતાના રબની ઇબાદત ખૂબ બેહતર તૌર તરીકા પર અદા કરે અને એના સરદાર-શેઠની પણ ખૈર ખ્વાહીથી ખિદમત કરે યા તે મરદ કે જે પરહેઝગાર હોય બચરવાલ હોવાનાં સાથે દીનદાર-દિયાનતદાર હોય; અને જહન્નમમાં પહેલે દાખિલ થાનાર તે અમીર મુસલ્લત છે કે, જે સલ્તનતમાં અદલો-ઇન્સાફ કરે નહીં અને તે માલદાર સાહેબે સરવત છે કે, જે પોતાનાં માલમાંથી ઝકાતનો હક્ક આપે નહીં, અને બદકાર ફકીર છે, કે જે ઢોંગ કરીને માંગે છે." આપથી રિવાયત છે કે, આપે ફરમાવું કે કેટલી એવી જગાઓ છે કે, જે ઇન્તેકામ-બદલો લેનારી કહેવાય. તે જગાઓમાં એવા લોકો ધકેલાશે કે જે પોતાના માલની ઝકાત અદા કરતા નથી પછી તેઓ એ માલને તે જગાઓમાં ખર્ચ કરશે. ઇમામ જાઅફર બિન મોહમ્મદ અસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "આ ઉમ્મત ઉપર અલ્લાહતઆલાએ માલની ઝકાત કરતા ઝિયાદહ સખ્ત તરીન કોઇ ચીઝને ફરઝ નથી કીધી અને એ ઝકાતને ન અદા કરવાથી અકસર લોગોનો માલ હલાક થઇ જાય છે."

**ઇમામ જાઅફર બિન મોહમ્મદ અસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, " આ ઉમ્મત ઉપર અલ્લાહતઆલાએ માલની ઝકાત કરતા ઝિયાદહ સખ્ત તરીન કોઇ ચીઝને ફરઝ નથી કીધી અને એ ઝકાતને ન અદા કરવાથી અકસર લોગોનો માલ હલાક થઇ જાય છે. "**

અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) એ ફરમાવું કે, જે શખ્સનો માલ ઘણો થાય અને એનો હક્ક અદા ન કરે તો એનો એ માલ કયામતના દિન સાંપો બનીને એના જીસ્મને ડંખ મારશે. રસૂલુલ્લાહે (સ.અ.વ.વ.) ફરમાવું કે, ***"જે શખ્સ એના માલની ઝકાત ન આપે તો એની નમાઝને પણ અલ્લાહ કુબૂલ કરતો નથી. "*** અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં નમાઝ સાથે ઝકાત અદા કરવાની જાબજા ઝિક્રે ખૈર કીધેલી કે,"અકીમુસ સલાત વ આતુઝ ઝકાત." આપ (સ.અ.વ.વ.) મઝીદ ફરમાવે છે કે, કોઇ પણ નમાઝ તમામ થાય જ નહીં મગર ઝકાત આપવા બાદ, અને ખયાનત કરીને હાસિલ કરેલા માલનો સદકો મકબૂલ થાય જ નહીં, અને જે ઝકાત ન આપે એની નમાઝ ઝાયેઅ છે, જે શખ્સ પરહેઝગાર ન હોય એની ઝકાત મકબૂલ નહીં થાય.

એક શખ્સે આવીને રસૂલુલ્લાહને સવાલ કીધો કે, યા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ખુદાતઆલા ફરમાવે છે કે, "ફ વયલુલ લિલ મુશ્રેકીનલ્લઝીના લા યુતુનઝ ઝકાત વહુમ બિલ આખેરતે હુમ કાફેરૂન." તરજુમા : તે મુશ્રિકો વાસ્તે હલાકી છે કે જે ઝકાત નથી આપતા અને તે લોગો આખેરતનો કુફ્ર કરે છે. આ કૌલની શું માઅના? આપે (સ.અ.વ.વ.) ફરમાવું કે, શું આ આયતમાં ખુદા તઆલા મુશ્રિકોને ઇતાબ-અઝાબનો ડર નથી સંભલાવતો? શું તમે અલ્લાહના આ કૌલને નથી સાંભલો કે, "ફ વયલુલ લિલ મુસલ્લીનલ લઝીના, હુમ અન સલાતેહિમ સાહૂનલ્લઝીના હુમ યુરાઉના વ યમ્નઊનલ માઊન" તરજૂમો :- હલાકી છે તે નમાઝીઓને જે લોગોના દેખાવ વાસ્તે અમલ કરે છે અને માઉનને રોકે છે. સાંભલો અય લોગો ! યહાં માઉનથી મુરાદ ઝકાતની છે. ***તે બાદ આપે (સ.અ.વ.વ.) ફરમાવું કે, "તે અલ્લાહનાં કસમ કે જેના હાથમાં મોહમ્મદનો જાન છે, કોઇ પણ શખ્સ પોતાના માલની ઝકાતમાં ઝર્રા બરાબર પણ ખેયાનત કરશે તો તે મુશ્રિક છે. "*** અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) એ ફરમાવું કે, માઊન તે ફરઝ કીધેલી ઝકાત છે અને ઝકાત મના કરનાર વ્યાજ ખાનારની મિસ્લ છે અને જે કોઇ પોતાના માલની ઝકાત ન આપે તે મુસલમાન નથી. અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં ફરમાવું છે કે, "જે વક્ત હુરમતવાલા મહીનાઓ નિકલી જાય તો પછી તમે લોગો મુશ્રિકોને જહાં મિલો ત્યાં કતલ કરો યહાં તક કે તેઓ નમાઝ કાઇમ કરે અને ઝકાત આપે અને અગર તેઓ પોતાના બદ અમલની તૌબા કરે, નમાઝ કાઇમ કરે અને ઝકાત આપે તો તેઓ તમારા દીનમાં ભાઇઓ છે". આથી સાબિત થયું કે, ફક્ત અલ્લાહતઆલા તૌબાના કરનારની તૌબાથી જ તેના ઇસ્લામને કુબૂલ નથી કરતો જહાં તક એ શખ્સ નમાઝ ન પઢે અને ઝકાત ન અદા કરે.

**ફક્ત અલ્લાહતઆલા તૌબાના કરનારની તૌબાથી જ તેના ઈસ્લામને કુબૂલ નથી કરતો જહાં તક એ શખ્સ નમાઝ ન પઢે અને ઝકાત ન અદા કરે.**

ઝકાતનો લફઝી અને લુગવી માઅના પાકો સાફ થાવું અને કરવું છે. ***એક વરસ બાદ જે કંઇ મુમીન પાસે દૌલત જમા થઇ હોય, ૧૦૦ રૂપિયામાંથી ર.૫૦ રૂપિયાની ગિન્તી કરીને ઝકાત અદા કરવી જોઇએ. ઝકાત મુમીન પર વરસમાં એક જ વક્ત શહરૂલ્લાહમાં અદા કરવી શરીઅતમાં ફરઝ કરવામાં આવી છે, અને તે પણ ગિન્તી મુજબ જ.*** અકસર લોગોમાં ઝકાત અને સદકાની હકીકત અને માઅનાને સમઝવામાં ભારી મુગાલેતો અને ગેરસમજ ઉભી થઈ ગઈ છે. જે દૌલત તેને પાસે હોય છે, તેમાંથી દિલ ચાહે તેટલી રકમ નિકાલીને ગરીબ, મિસ્કીન-ફકીર ને આપી દે છે અને દિલને એમ સમઝાવે છે કે, પોતે ઝકાતની અદાએગી કરી દીધી છે અને હવે તે પાકો સાફ થઈ ગયા છે અને શરીઅતનો અહમ રૂકન અદા કરી ચૂક્યો છે, પણ આ તો ભારી ગેરસમજ અને ગુમરાહી છે. ચંદ વરસોથી અપની જમાઅતનાં મુમેનીન બહારની જમાઅતમાંથી રમઝાનમાં મસ્જીદ અને મદ્રસાનાં વાસ્તે ચંદો કરવા આવતા અજનબી મૌલવીઓને હઝારો રૂપિયા આપી દે છે. હકીકતમાં સદકાત અને ખૈરાત તેમજ સખાવતથી જમાઅતની મસ્જીદ, મદ્રસામાં, એસોસીઅશનોને ઈમ્દાદ કરવી જોઈએ, બીજી જમાઅતની સંસ્થા-ઈદારાઓને મોટી રકમમાં ચંદો આપવો હિમાકત, બેવકુફી અને ખતા છે. મુમેનીનને એ ખયાલે શરીફમાં રહે કે, અપની જમાઅતમાં ખૈર ખ્વાહી, ફલાહો-બેહબુદી અને તાઅમીરે મિલ્લતો કૌમ વાસ્તે બેશુમાર કામો પડેલા છે જેને વાસ્તે અપની જમાઅતની અંજુમનો પારકાના દર પર ચંદો ઉઘરાવવા જાતા નથી. મસ્જીદો અને બીજા જમાઅતનાં તાઅમીરી કામ ફક્ત અપની જમાઅતનાં સખી-ફય્યાઝ ભાઈઓ પર જ દરોમદાર રાખે છે.

દીગર અહમ ખામ-ખયાલી, ગલત-રાય અને ગૈર સમજ એ છે કે, મુમેનીન જે સદકો કરે છે, તો એમ માની લે છે કે તેઓએ ઝકાત આપી. હરગિઝ નહીં. એક ચીઝની અદાએગી કરવામાં બીજી ચીઝની અદાએગીનો ફરીઝો કઈ પૂરો અને અદા નથી થઈ જાતો. *સદકાત-ખૈરાતની ગૈર ઝિમ્મેદારાના, ગૈર મોઝેઅ અને ગૈર વક્ત પર અદાએગીથી ઝકાતની અદાએગી કામિલ થાતી નથી.* મુમીન એનાં ૧૦૦ રૂા. નકદમાંથી ૯૦ રૂા. યા ૯૯ રૂા. નો સદકો કરી શકે છે, પણ અગર ઝકાતની અદાએગીની બાબત આવે તો રૂા. ૧૦૦ માંથી ૨.૫૦ રૂા. અદા કરવાથી તેનો માલ-નકદ પાક થઈ જાય છે. અને આ અમલ રમઝાનમાં જ કરવો ફરઝ છે. સદકાની કોઈ હદ કે વક્ત મુકર્રર નથી. ઝકાત ઈમામની વલાયત રાખનારાઓમાં જ તકસીમ થાય છે. ઉમૂરે દાઅવત અને ઈલ્મ અને કલમથી જેહાદ વાસ્તેના કામોમાં તેમજ દાઅવતના ઝાહેરી અને દાખેલી ઉમૂરને ઉસ્તવાર કરવામાં, દિલોની તાલીફ અને મૈલ-મિલાપ વાસ્તે, હદીયા તકસીમ કરવા વાસ્તે, ખુદ્દામો અને ઉમ્માલોની નિભાવની વાસ્તે ઈમામે ઝમાના ઝકાતનો માલ ખર્ચ કરે છે. *અલ્લાહતઆલા ઈમામ યા દાઈને જેમ ઈલ્હામથી સમઝ આપે તેમ માલે ઝકાત ખર્ચ કરે છે. જે જગા પર પણ ઝરૂરત મહેસૂસ થાય અને ઝકાતનાં માલનાં મુસ્તહિક્ક મિલે અને જેમા ઝિયાદહ ઝરૂરત હોય, તે જ જગા પર અપની પોતાની રાય સાબિત કરીને ઈમામે ઝમાના ઝકાતનાં માલને ખર્ચ કરે છે.*

અહલુલ બૈત (અ.સ.) થી રિવાયત છે કે, "કયામત નહીં ઉઠે યહાં તક કે નમાઝ એહસાન જતાવવા વાસ્તે પઢવામાં આવશે, અમાનતને ગનીમતનો માલ સમઝવામાં આવશે અને ઝકાત જુર્માનો-દંડના તરીકા પર અદા કરવામાં આવશે."

**" કયામત નહીં ઉઠે યહાં તક કે નમાઝ એહસાન જતાવવા વાસ્તે પઢવામાં આવશે, અમાનતને ગનીમતનો માલ સમઝવામાં આવશે અને ઝકાત જુર્માનું-દંડના તરીકા પર અદા કરવામાં આવશે. "**

અલ્લાહતઆલાએ માલદારોની દૌલતમાં એટલી મિકદારની જ ઝકાત ફરઝ કીધી છે કે, જે સઘલા જ સાઈલોને કાફી થાય. હવે અગર સાઈલ ભૂખો રહે, નંગો રહે તો એનો સબબ એ જ છે કે, ગની લોગો માલની ઝકાતને અદા કરતા નથી. કયામતના દિન એ ગની લોકોથી હિસાબ લેવામાં આવશે અને અલમનાક, દર્દનાક અઝાબમાં નાંખવામાં આવશે. સુરએ તૌબાની આયત ૧૦૩-૧૦૪ માહે રમઝાનમાં નાઝિલ થઈ, તે વક્ત રસૂલુલ્લાહે (સ.અ.વ.વ.) મુસલમાનો દરમ્યાન મુનાદી મોકલીને ઝકાતની અદાએગી વાસ્તે નિદા કીધી. તે બાદ બીજા સાલ પણ શહરે રમઝાનમાં નિદા કીધી, કેમ કે ઝકાત સાલમાં એક વક્ત જ અદા થાય છે. બેશક અલ્લાહ તૌબાને કુબૂલ કરે છે અને ઝકાતની અદાએગીનો સવાબ અતા કરે છે. ***સાઇલને સદકો આપવામાં આવે તો તે પહેલા અલ્લાહના હાથમાં વાકેઅ થાય છે અને તે બાદ સાઇલના હાથમાં જાય છે. તેથી ઇમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) સાઇલને જે વક્ત કંઇ પણ આપતા તો એનો હાથ ચૂમી લેતા.***

શહરૂલ્લાહિલ હરામમાં ઝકાતુલ માલ સિવાય મુમેનીન પર લાઝિમ અને વાજિબ છે કે, ઝકાતુલ ફિત્ર, સિલએ દાઈઝઝમાન, નઝરૂલ મકામ વગૈરે દાઅવતે હાદીયાનાં હુકૂકિલ્લાહિલ વાજેબા પૂરી પાબન્દી અને તસ્દીઅ લઈ અદા કરે. આ હુકૂક અદા કરવામાં કાહિલી, સુસ્તી અને આજકાલ કરવાથી નમાઝો રોઝાનો સવાબ ઝાઈલ થાય છે અને કુબૂલીયતની મોહર વાગતી નથી. નમાઝ અને રોઝાથી જો નફસ અને જીસ્મો જાનની પાકીઝગી થાતી હોય તો ઝકાતના હુકૂક અદા કરવાથી માલની પાકીઝગી થાય છે. ઝકાતુલ ફિત્રની ઝિક્રમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે, ***"કદ અફલહા મન તઝક્કા વ ઝકરસ્મા રબ્બેહી ફસલ્લા. "*** તેહકીક કે કામ્યાબ થયો તે શખ્સ કે જેએ ઝકાત આપી અને પોતાના રબના નામને યાદ કીધું, પછી નમાઝ પઢી. અને અલ્લાહતઆલા ફરમાવે છે કે, "અકીમુસ સલાત વ આતુઝ ઝકાત." તરજુમો : અને નમાઝને કાઈમ કરો અને ઝકાતને આપો. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, "આપ અલ્લાહતઆલાના આ કૌલને કે, "કદ અફલહા મન તઝક્કા" ની માઅના માં ફરમાવું કે, "તઝક્કા" ની માઅના ફિતરની ઝકાત (ફિતરા) અદા કરવાની છે. "વ ઝકરસ્મા રબ્બેહી" ની માઅના તકબીરા બોલવાની છે, "ફસલ્લા"ની માઅના ઈદગાહમાં જઈને ઈદની નમાઝ પઢવાની છે." ઈમામ અબુ જાઅફર મોહમ્મદુલ બાકિર (અ.સ.) થી રિવાયત છે, આપને ઝકાતુલ ફિત્રનો સવાલ થયો તો આપે ફરમાવું કે, "આ ઝકાત તે છે કે, જેને અલ્લાહતઆલા એ તમામ મુમેનીન ઉપર નમાઝ સાથે ફરઝ કરી દીધી છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, ***"વ અકીમુસ સલાત વ આતુઝ ઝકાત. "***ગની અને ફકીર તમામ પર આ ઝકાત ફર્ઝો વાજિબ છે." અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) થી રિવાયત છે કે, રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, "ઝકાતુલ ફિત્ર હર એક મરદ ઉપર વાજિબ છે. એ મરદ તેના (ઘરના) તમામ લોગો તરફથી ફિતરાને અદા કરે કે જે લોગો એની ઔલાદમાં હોય અને જેની તે પરવરિશ કરતો હોય, નાનાં-મોટા, આઝાદ યા ગુલામ, મરદ યા બૈરો હરેક ઈન્સાનને તરફથી એક પાયલી અનાજ યા ખજૂરના ફીતરા અદા કરે."

ઈમામ જાઅફરૂસ્સાદિક બિન મોહમ્મદ (અ.સ.) થી રિવાયત છે, આપે ફરમાવું કે, "મરદ પર લાઝિમ છે કે, ખુદ પોતાનો ફિતરો અદા કરે અને પોતાના એહલો-અયાલ તરફથી અદા કરે ચાહે એ સગલામાં મરદ હોય કે બૈરો, નાના હોય કે મોટા, આઝાદ હોય યા ગુલામ સઘલાને તરફથી આપે, ભલેને સઘલા માલદાર હોય." ઈમામ હુસૈન (અ.સ.) એ ફરમાવું કે, શહેરી હોય યા ગામડિયો તમામ પર ફિતરો યકસાં વાજિબ છે. ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) થી રિવાયત છે કે, બેવે ઈમામો અલી (અ.સ.) ને આપના અહલ તરફથી ઝકાતુલ ફિત્ર અદા કરતા હતા યહાં તક કે બેવે વફાત થયા. અને અલી ઈબ્ને હુસૈન ઝૈનુલઆબેદીન (અ.સ.) ઈમામ હુસૈન (અ.સ.) ને આપના અહલ તરફથી ફિતરો અદા કરતા હતા યહાં તક કે આપ વફાત થયા. અને અબુ જાઅફર મોહમ્મદુલ બાકિર (અ.સ.) ઈમામ ઝૈનુલઆબેદીન (અ.સ.) ને આપના કુંબા તરફથી ફિતરો અદા કરતા હતા યહાં તક કે આપ વફાત થયા. *મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, જે શખ્સને ઘઉં યા જઉ યા ખજૂર યા સૂખી દરાક ફિતરો અદા કરવા વાસ્તે ન મિલે તો પછી એ એના એવઝમાં દિરહમ અદા કરી દે."*

ફિતરાને પોતાના સાહબે દાઅવતને ઈદુલ ફિતર પહેલાં અદા કરી દેવું સુન્નત છે. એક પાયલીની મિકદારના ઘઉં અંદાઝે ૫-૬ કિલો થાય છે, જેની કીમત રૂપિયામાં તબ્દીલ કરીને ફિતરો અદા કરવાનો હોય છે. ***ફિતરો શહરૂલ્લાહિલ હરામનાં વાજિબ હુકૂક હોય, તે જ સાલ અદા કરવું લાઝમી છે.*** મુમેનીન પર વાજીબ છે કે, જે તે સાલમાં જ હુકૂક અદા કરીને આ શરઈ લવાઝેમાત અને અદાએગીથી દસ્તબરદાર થઈ જાય અને હુસૂલે સવાબનાં હક્કદાર થાય. દીગર રિવાયતોમાં બયાન વારિદ છે કે, અગર નકદ રકમ ઘરમાં મૌજુદ ન હોય તો ઘરમાં ગૈર ઝરૂરતની ચીઝો વેંચીને પણ ફિતરો અદા કરવો જોઈએ એમાં ઢીલાશ કે કોતાહી કરવી ન જોઈએ. ફઅતબેરૂ યા ઉલિલ અબ્સાર.

***દો જહાઁ મેં હોતી હૈ હલ ઉનકી સારી મુશ્કેલાત***
***પાતે હૈં હક્ક સે વો નેકી, ઔર ગુનાહોં સે નજાત***
***દેતે હૈં અપની કમાઇસે જો ફિતરા ઔર ઝકાત***
***વક્ત પર મસ્જીદમેં કરતેં હૈં અદા આકર સલાત***
***અજ મિલતા હૈં સિવા, ગર હોવે કમતર નેકીયાં***
***એક નેકી કે એવઝ મિલતી હૈ સીતેર નેકીયાં ★***